**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૮.૨ ડીગ્રી
લઘુતમ : ૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૧ ટકા ● સાંજે ૩૫ ટકા

# શહેરમાં આજ-કાલ પરંપરાગત સાત ધાનના ખીચડાનો ટ્રેન્ડ

ગાંધીનગર, તા.૨૪

દરેક ધાનને આરોગવું તેમ મોટાઓ વર્ષોથી કહેતા આવ્યા છે. શહેરની ગૃહિણીઓ આ બાબતને અનુસરતી આવી છે અને સિઝન પ્રમાણે ખાણું રાંધીને પરિવારજનોને ખવડાવતી આવી છે. તેમાં શિયાળાની ઋતુમાં ખાસ ખવાતો ખીચડો કેમ ભૂલાય? સાતધાનથી બનતો ખીચડો જેમાં ભરપુર પ્રમાણમાં પોષક તત્વો રહેલા છે અને માનવ શરીર માટે તે ફાયદાકારક છે. આમ તો કોઈપણ માંદુ પડે એટલે ખીચડી બનાવાય છે કારણ કે ખીચડી એ હળવો ખોરાક છે પણ સામાન્ય ખીચડીમાં ચોખા સાથે એક કે બે ધાન મળે છે પરંતુ પાંચથી સાત પ્રકારના ધાનથી બનતા ખીચડામાં મગ, મસૂર દાળ, મઠ, ચોળા, ચણા, છડેલા ઘઉં અને બાજરી ઉમેરાય છે જે બનતા ૩૦ મિનીટ થાય છે. જે બનાવવાના એક દિવસ પહેલા જ ગૃહિણીઓએ ખીચડાની સામગ્રી એકઠી કરી તૈયારી કરવી પડે છે.



ખીચડો ખાસ શિયાળામાં ખવાય છે કારણ કે સાત ધાન એક સાથે આરોગાતા તે પચવામાં ભારે છે અને શિયાળામાં પાચન શકિત મજબૂત હોવાથી ખીચડો પચવામાં આસાન બને છે. માટે જ સંક્રાતમાં ખીચડો બને છે અને ઘરે ઘરે શિયાળાની ઋતુમાં ખીચડો બનતો રહે છે. શહેરની ગૃહિણીઓ ખાસ આ સમયે બાળકોને ખીચડો ખવડાવે છે. આજે ફાસ્ટફૂડનું ચલણ વધ્યું છે ત્યારે બાળકો જો આ ઋતુમાં ૨ થી ૩ વાર પણ ખીચડો ખાઈ લેતો પોષક તત્વો મળી રહે છે તેમ શહેરની ગૃહિણીઓનું માનવું છે. આમ કહી શકાય કે આ ફાસ્ટફૂડના સમયમાં વર્ષોથી ચાલતો આવતો ખીચડો બનાવવાની પ્રથા શહેરની ગૃહિણીઓએ સાચવી રાખી છે.

# આત્મનિર્ભર ભારતના રાષ્ટ્રધ્વજમાં પણ હવે 'વોકલ ફોર લોકલ'






ભારતના વડાપ્રધાને કોરોના મહામારી સામે લડવા દેશને પ્રેરિત કરતા 'વોકલ ફોર લોકલ' બનીને આત્મનિર્ભર ભારતનો સંદેશ આપ્યો છે જેના પગલે તેમણે એક કાંકરે બે પક્ષી મારવાની નેમ રાખી છે, એક તો દેશમાં કોરોના મહામારીના કારણે કમરતોડ ફટકો ખાઈ ચુકેલા અર્થતંત્રને બેઠું કરવા સાથે ભારતીય બજારોમાં નાનામાં નાની ચીજવસ્તુઓથી માંડીને મોટા ઉત્પાદનોમાં વધી ગયેલા ચાઈનીઝ બજારનું પ્રભુત્વ ઘટાડીને વિદેશી હુંડિયામણની બચત સાથે ચીનને આર્થિક મોરચે લડત આપવાની છે. અગાઉ પ્રજાસત્તાક દિન હોય કે સ્વાતંત્ર્ય દિન ભારતીય સડકો પર ચાઈનીઝ બનાવટના રાષ્ટ્રધ્વજ વેચાતા હતા તેના સ્થાને હવે 'મેડ ઈન ઈન્ડિયા' રાષ્ટ્રધ્વજને વેચતા ફેરિયાઓ નજરે ચઢી રહ્યાં છે.

# શહેરમાં મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો



કોરોનાની મહામારીએ ઘણા શહેરીજનોનો ભોગ લીધો છે અને ઘણાને રોગ મુકત થવા માટે બ્લડની જરૂર પડી રહી છે ત્યારે શહેરના જલીયાણ મેડીકલ, સેવન વન્ડર્સ હોટલ, ગુંજ ફાઉન્ડેશન, સંસ્કૃતિ સંસ્થા અને શુભારંભ ફોટોગ્રાફી સ્ટુડિયો દ્વારા મેગા બ્લડ ડોનશન કેમ્પનું આયોજન આજે કુડાસણ સ્થિત સેવન વન્ડર્સ હોટલ ખાતે કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં શહેરના યુવાનોથી લઈ મોટા તમામે રકતદાન કરી પોતાની ગાંધીનગરના નાગરિક હોવાની ફરજ બજાવી હતી. આ મેગા બ્લડ ડોનેશન કેમ્પમાં શહેરીજનોનો ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો હતો. એકત્રિત કરાયેલ રકતને ગાંધીનગર સિવિલ હોસ્પિટલને સોંપવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે ગાંધીનગર સિવિલ દ્વારા આ બ્લડને જરૂરિયાતમંદો સુધી પહોંચાડવામાં આવશે. આ કેમ્પ દરમિયાન સરકાર દ્વારા જાહેર કરાયેલ તમામ ગાઈડલાઈનનું પાલન કરવામાં આવ્યું હતું. સંચાલકો પ્રિયંક ઠકકર, ભરત ઠકકર, મેહુલ ભોજક, પૃથક ઠકકર દ્વારા સર્વે સિવિલ સ્ટાફ મિત્રોનો આભાર માનવામાં આવ્યો હતો.

# આજે રાષ્ટ્રીય મતદાતા દિવસની રાજયકક્ષાની ઉજવણી વર્ચ્યુઅલી કરાશે

ગાંધીનગર, તા.૨૪

ભારત વિશ્વનો સૌથી મોટો લોકશાહી દેશ છે જયાં મતદાતાનું મહત્વ લોકતાંત્રિક પ્રક્રિયામાં સૌથી ઉપરનું છે. ભારતના ચુંટણી પંચનો સ્થાપના દિવસ તા. ૨૫મી જાન્યુઆરી દેશભરમાં 'રાષ્ટ્રીય મતદાતા દિવસ' તરીકે ઉજવાય છે જેનો હેતુ લોકતાંત્રિક ચુંટણી પ્રક્રિયામાં મતદાનને પાત્ર દરેક નાગરિકને મતદાર તરીકે નોંધણી કરાવા અને મતદાન કરીને દેશના લોકતંત્રનો સબળ બનાવવામાં સક્રીય અને અર્થપૂર્ણ રીતે સહભાગી થવા પ્રેરિત કરવાનો છે. આવતીકાલે તા. ૨૫મી જાન્યુઆરી સોમવારે 'રાષ્ટ્રીય મતદાતા દિવસ'ની રાજયકક્ષાની ઉજવણીનું કોવિડ-૧૯ મહામારીના પગલે વર્ચ્યુઅલ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રાજયપાલ આચાર્ય દેવવ્રત અધ્યક્ષપદે ઉપસ્થિત રહેશે. આ સાથે કાર્યક્રમમાં રાજયના મુખ્ય ચુંટણી અધિકારી સંજય પ્રસાદ પણ વર્ચ્યુઅલી ઉપસ્થિત રહેશે અને કાર્યક્રમમાં સ્થાનિક શૈક્ષણિક, સામાજિક અને સ્વૈચ્છિક સંસ્થાઓ ઉપરાંત એનસીસી, એનએસએસ, સ્કાઉટસ એન્ડ ગાઈડ, નહેરુ યુવા કેન્દ્ર વગેરે ઓનલાઈન જોડાશે.

ભારત ચૂંટણી પંચ દ્વારા આ વર્ષના રાષ્ટ્રીય મતદાતા દિવસની નક્કી કરવામાં આવેલ થીમ છે 'બનો સૌ મતદાર-સશકત, સજાગ, સુરક્ષિત અને જાગૃત.' ભારતના ચુંટણી પંચ દ્વારા મતદારો માટે આ દિવસે ઈ-એપિક એટલે કે ઈ-વોટર કાર્ડ પણ લોન્ચ કરવામાં આવશે. પ્રથમ તબક્કામાં ૨૫-૧-૨૦૨૧થી નવા નોંધાયેલા યુનિક નંબરવાળા મતદારો ઈ-એપિક ડાઉનલોડ કરી શકશે. બીજા તબક્કામાં ૧-૨-૨૦૨૧થી તમામ નોંધાયેલા અને યુનિક મોબાઈલ નંબરવાળા મતદાર પણ ઈ-એપિક ડાઉનલોડ કરી શકશે. બીજા તબક્કામાં ૧-૨-૨૦૨૧થી તમામ નોંધાયેલા અને યુનિક મોબાઈલ નંબરવાળા મતદાર પણ ઈ-એપિક ડાઉનલોડ કરી શકશે. અન્ય મતદારો ઈ-કેવાયસી પ્રક્રિયા કર્યા બાદ ઈ-એપિક ડાઉનલોડ કરી શકશે. આ ઈ-એપિક હાલના પીવીસી મતદાર ફોટો ઓળખકાર્ડ ઉપરાંતની વધારાની અને વધુ ઝડપી સુવિધા છે તેને મતદારો પોતાના મોબાઈલ કે કોમ્પ્યુટર પર સંગ્રહ કરી શકશે. પ્રિન્ટ કાઢીને લેમિનેટ પણ કરી શકાશે.

## કાર્યક્રમમાં તમામ નાગરિકો ઓનલાઈન જોડાઈ શકશે

રાષ્ટ્રીય મતદાતા દિવસના પ્રસંગે રાજયમાં ચૂંટણી પ્રક્રિયામાં ઉત્તમ કામગીરી બજાવનારા જિલ્લા ચૂંટણી તંત્રના અધિકારીઓને પુરસ્કારની જાહેરાત કરવામાં આવશે. આ કાર્યક્રમમાં ગુજરાત રાજયના તમામ નાગરિકો રાષ્ટ્રીય મતદાતા દિવસનો રાજયકક્ષાના કાર્યક્રમ ૨૫ જાન્યુઆરીના રોજ સવારે ૧૧ કલાકથી **https://ceo.gujarat.gov.in** પર અથવા મખ્ય નિર્વાચન અધિકારી, ગુજરાતના ફેસબુક પેજ **(CEO Gujarat)** અથવા યુ ટયુબ ચેનલ પર **(https://youtu.be/XGJOmOetHKk)** જોઈ શકશે.

# પ્રજાસત્તાક દિનની મનપાની ઉજવણી માટે વાવોલમાં તૈયારીઓ



ગાંધીનગર મહાનગરપાલિકાનો વિસ્તાર હવે બહોળો થઈ ચુકયો છે અને મનપામાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારોમાં આ બાબતનો હૈયે હર્ષ અને ઉમળકો ઉભરાઈ રહ્યો છે. આ વર્ષે મહાનગરપાલિકા દ્વારા પ્રજાસત્તાક દિનની ઉજવણી આ વિસ્તારો પૈકીના એક એવાં વાવોલ ખાતે મેયરની ઉપસ્થિતિમાં યોજાશે. આ ઉજવણી વાવોલની ભાગોળે તળાવ કિનારે મહાકાળી માતાજીના સાંનિધ્યમાં યોજાશે જેની તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

## આવતીકાલે સેકટર-૧૨માં ઉમિયા મંદિર ખાતે હેપ્પી રક્તદાન શિબિર યોજાશે

ગાંધીનગરના શ્રી ઉમિયા માતાજી સંસ્થાનના સૌજન્યથી હેપ્પી યુથ ક્લબ દ્વારા વી કેર ફાઉન્ડેશના સંયુક્ત ઉપક્રમે આગામી તા.૨૬મી જાન્યુઆરીના રોજ પ્રજાસત્તાક દિન નિમિત્તે ''હેપ્પી રક્તદાન શિબિર''નું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિર ઉમિયા ભવન, ઉમિયા માતાજી મંદિર સંકુલ, સેક્ટર-૧૨, ખાતે સવારે ૯ થી ૧૨ કલાક દરમ્યાન યોજાશે.

હેપ્પી રક્તદાન શિબિરમાં રક્ત એકત્ર કરવાની સેવા ગાંધીનગર સિવિલ હોસ્પીટલની બ્લડ બેંકની ટીમ દ્વારા આપવામાં આવશે. ''હેપ્પી રક્તદાન શિબિર''માં રક્તદાન કરનાર રક્તદાતાઓને સર્ટીફીકેટ તથા આકર્ષક શુભેચ્છા ભેટ આપી સન્માનવામાં આવશે. ''હેપ્પી રક્તદાન શિબિર''નો હેતુ કોરોના કાળને અનુલક્ષીને ગાંધીનગર સિવિલ હોસ્પીટલમાં આકસ્મિક સંજોગોના સમયે રક્તની માંગને પહોચી વળવા એકત્ર કરવામાં આવતા રક્તના પુરવઠામાં યોગદાન આપવાનો છે.

# ઈન્ફોસીટી ખાતે પંજાબ એન્ડ સીંધ બેંકના એટીએમમાં છેડછાડ

## ઠગ ટોળકીએ રૂ.૧.૧૯ લાખ ઉપાડી લીધા : એટીએમ મશીનની સ્કિન ડુપ્લીકેટ ચાવીથી ખોલીને શખ્સો કંઈક કરતા હતા

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરના પ્રવેશ દ્વાર પાસે આવેલી પંજાબ એન્ડ સીંધ બેંકના એટીએમમાંથી ઠગ ટોળકીએ રૂ.૧.૧૯ લાખ ઉપાડી લીધા છે. બે એટીએમ અને ડુપ્લીકેટ ચાવીનો ઉપયોગ કરીને પૈસા તો ઉપડ્યા હતા, પરંતુ એકાઉન્ટમાંથી બેલેન્સ ઓછુ થયું ન હતું ત્યારે બેંકના મેનેજર વૈભવ શાહે ઈન્ફોસીટી પોલીસ મથકે ઠગ શખ્સો સામે પોલીસ ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ તા.૭ જાન્યુઆરીના રોજ એચડીએફસી બેંક તરફથી તેમની બેંકને એક મેઈલ મળ્યો હતો. જેમાં એચડીએફસી બેંકના ખાતા ધારકે પંજાબ એન્ડ સીંધ બેંકના એટીએમમાંથી રૂ.૧૦ હજાર ઉપાડતા ખાતામાંથી ડેબીટ થઈ ગયા હતા. પરંતુ પૈસા નીકળ્યા ન હતા. જેથી બેંકના મેનેજર દ્વારા સીસીટીવી ફુટેજ ચેક કરવામાં આવ્યા હતા. જેમાં પૈસા નીકળ્યા ન હોવાનું ધ્યાને આવ્યું હતું. જેથી એટીએમનુ ઓપનીંગ અને કલોઝીંગ બેલેન્સ ચેક કરતા રૂ.૫૫ હજાર વધુ બતાવતા હતા. જેને પગલે મેનેજર દ્વારા વધુ દિવસના સીસીટીવી ચેક કરવામાં આવતા તા.૨૫ ડિસેમ્બરના રોજ બપોરે ત્રણ શખ્સો ૧૨ વખત એટીએમમાં આવતા દેખાય છે. એક ઈસમે કેમેરા પર કપડુ ઢાંકી દેવાની કોશીશ કરી હતી પરંતુ થોડા ભાગ ખુલ્લો રહેતા તેમની કરતુત કેમેરામાં કેદ થઈ હતી. એટીએમ મશીનની સ્કિન ડુપ્લીકેટ ચાવીથી ખોલીને શખ્સો કંઈક કરતા હતા. બપોરે ૩ થી રાત્રીના ૯ વાગ્યા દરમિયાન ૨ એટીએમ દ્વારા કુલ રૂ.૧.૧૯ લાખ ઉપાડી લીધા હતા. પંરતુ એકાઉન્ટમાંથી કપાયા ન હોવાનું કહેવાય છે. ત્યારે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાતા ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ઓમકાર પાન પાર્લર દ્વારા કુડાસણ બ્રાંચમાં પ્રજાસત્તાક દિનની ભવ્ય ઉજવણી

પ્રજાસત્તાક દિન નિમિત્તે શહેરમાં ઘણા કાર્યક્રમો થતા હોય છે ત્યારે ઓમકારસિંહ કે જે ઓમકાર પાન પાર્લરના માલિક છે તેમના દ્વારા સ્વતંત્ર પર્વની ઉજવણી કરવામાં આવતી હોય છે જેમાં દેશભકિતના ગીતોના કાર્યક્રમ સાથે જલેબીનું વિતરણ તેમના દ્વારા થતું હોય છે અને આ વર્ષે પ્રજાસત્તાક દિનની ઉજવણી ઓમકાર પાન પાર્લરની નવી બ્રાંચ, દુકાન નં. ૩૩, રીલાયન્સ ચોકડી પાસે, મસ્તાના કોમ્પ્લેક્ષ, કુડાસણ ખાતે કરવામાં આવનાર છે. આ ઉજવણીમાં તમામ શહેરીજનોને હાજર રહેવા ઓમકારસિંહ, રોશનસિંહ અને અજયસિંહ દ્વારા જણાવાયું છે. આ ઉપરાંત સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન કરવા આવનાર તમામને અપીલ કરવામાં આવી છે.

# માત્ર સીઝનેબલ રાષ્ટ્રભકિતથી સાચા અર્થમાં 'પ્રજાસત્તાક' બનવું અઘરું...!!

## પ્રજાસત્તાક દિવસ કે સ્વતંત્રતા દિવસ સિવાય રાષ્ટ્રપ્રેમનો જુવાળ કયાં ખોવાઈ જાય છે? રાષ્ટ્રભકિત તો રોજીંદા જીવનમાં નાની નાની બાબતોમાં જવાબદારીપૂર્વકના વર્તનથી દાખવી શકાય છે




ગાંધીનગર, તા.૨૪

વિશ્વની સૌથી મોટી લોકશાહી એટલે કે મજબૂત પ્રજાતંત્ર ધરાવતા ભારતને અંગ્રેજોનો આધીપત્યમાંથી મુકિત મળ્યા બાદ સાચા અર્થમાં પ્રજાની સત્તા સ્થાપિત કરતા અધિકારને સિત્તેર વર્ષ પુરા થયા છે અને ફરી એકવાર ભારતની પ્રજા પોતાનો પ્રજાસત્તાક દિવસ ઉજવવા હૈયે ત્રિરંગી ઉમળકા સાથે હેલે ચઢી છે. આમતો વર્ષમાં સ્વાતંત્ર્યતા દિવસ અને પ્રજાસત્તાક દિવસ એમ બે વાર ઉપરાંત ક્રિકેટમાં ભારતીય ટીમના વિજય વખતે દેશભકિતના રંગે રંગાતી ભારતીય જનતા બાકીના દિવસો દરમિયાન પાકિસ્તાન કે ચીનના વિરોધમાં સોશિયલ મિડીયા પર 'જ્ઞાન' વહેંચીને રાષ્ટ્રપ્રેમ દર્શાવ્યાનો આનંદ લેવામાં તો સુરી છે પરંતુ રોજરોજના જીવનમાં જયારે થોડીક તસ્દી લઈને રાષ્ટ્રપયોગી સાબિત થાય તેવી તકેદારી લેવામાં કે પોતાના અંગત સ્વાર્થ અથવા અંગત હિતો સાથે બાંધછોડ કરવી પડે તો રાષ્ટ્રભકિતને નેવે મુકતા વાર લગાડતી નથી. રાષ્ટ્રભકિત તો જાણે સરહદે જઈને યધ્ધ લડવાનું જ નામ હોય તે રીતે તે જવાબદારી માત્ર દેશના બહાદુર સૈનિકો પર તોપીને પોતાની સહુલિયતને માણવામાં મસ્ત બની જતાં નાગરિકોનો આપણાં દેશમાં તોટો નથી.

વિશ્વના વિકસિત દેશો જેવા કે જાપાન, અમેરિકા તથા યુરોપના દેશમાં રોજબરોજ સહજ રીતે જોવા મળતી 'સિવિક સેન્સ' એટલે કે 'નાગરિક શિસ્ત'નો અભાવ આપણાં દેશમાં ઉડીને આંખે વળગે તેવી બાબત છે. આ નાગરિક શિસ્તમાં પ્રમાણિકતા સાથે સત્યનિષ્ઠા, સ્વચ્છતાની જાળવણી, વડીલો-મહિલાઓ કે વંચિતો પ્રત્યે સન્માન, સરકારી કે જાહેર મિલ્કતોનો જવાબદારીપૂર્વક ઉપયોગ, સરકારી જમીનો પર દબાણ ના કરવું, ભ્રષ્ટાચાર ના કરવો કે કરચોરીથી દૂર રહેવા સહિતની અનેક બાબતોનો સમાવેશ થાય છે. વિદેશમાં ગયેલા ભારતીય પોતાના બાળકના વપરાયેલા ડાયપર સાચવીને બેગમાં મુકી દે પરંતુ જેવા ભારતીય એરપોર્ટ પર ઉતરે કે પહેલું કામ થુંકવાનું કરે તેવા કિસ્સા ઓછા નથી. એસટી બસ કે રેલ્વેની સીટોને કોતરી નાંખવાથી માંડીને નાની મોટી વાતમાં એસ.ટી. બસોને આગચંપી કરવામાં કે સરકારી કચેરીઓમાં તોડફોડ કરવામાં આપણો જોટો જડે તેમ નથી. આપણે ત્યાં પણ વિદેશો જેવા કડક કાયદા હોવા જોઈએ તેવી શેખી પાનના ગલ્લે ઉભા ઉભા કે ચાની કિટલી પર ચુસ્કીઓ મારતા બેધડક ઝીંકે રાખતા હોઈએ છે પરંતુ જયાં વાત જરા સરખી જો પોતાની જ્ઞાતિ કે જાતિને લગતી આવે તો પુરું જાણ્યા સમજયા વિના જ દર્દીને લઈ જતી એમ્બ્યુલન્સ સહિતના ટ્રાફિકને ટલ્લે ચઢાવતાં સ્હેજે શરમાવાનું તો ફાવતું જ નથી. અરે, તાજેતરમાં પશ્ચિમ બંગાળમાં રાજય સરકારના એક મંત્રીના ટેકેદારોએ કોરોના વેકિસન લઈને જતી ગાડીઓનો રસ્તો રોકી આપણી આ માનસિકતાનો પરચો આપ્યો જ છે.





કોરોના કાળના પ્રારંભથી અત્યાર સુધીમાં આપણે અઢળકવાર દેશની પ્રતિષ્ઠા જોખમાય તેવા કાર્યો કર્યા છે જેમાં કોવિડ-૧૯ ગાઈડલાઈનના છાશવારે ધજાગરા ઉડાડવાથી માંડીને અફવાઓ ફેલાવા સુધીના અનેક કારનામાંનો સમાવેશ થાય છે. આપણે કોરોના વોર્ડમાં જીવ જોખમમાં મુકીને સેવા આપનારા તબીબો-નર્સોને સોસાયટીમાં પ્રવેશ બાબતે જાકારો આપવાથી માંડીને ઉત્સવો ઉજવવામાં કોરોનાને વકરવા મોકળું મેદાન મળે તેવી સ્થિતિ પેદા કરી છે. જરા વિચારો કે જો આવી ઘટનાઓ પર આપણે થોડી રાષ્ટ્ર જવાબદારી સમજીને નિયંત્રણ દાખવ્યું હોત તો અત્યારે સંક્રમણનો જે આંકડો છે તેના કરતા ઘણો ઓછો હોત અને આપણાં દેશના અઢળક નાણાં તથા સમયને વેડફાતા પણ બચાવી શકયા હોત. એટલું જ નહી રાષ્ટ્ર માટે ઉપયોગી એવી અનેક પ્રતિભાઓને પણ કોરોનાના ખપ્પરમાં હોમાતા બચાવી શકયા હોત. અરે, જયાં સમગ્ર વિશ્વ આખું ભારતીય વેકિસન અને અન્ય દેશોને મદદરૂપ થવાની નીતિની પ્રસંશા કરી રહ્યું છે ત્યારે આપણે તો પહેલા વેકિસનનો વિરોધ કરવામાં અને પછી બીજા કરતા પહેલાં વેકિસન મને મળી જાય તેવા પ્રયાસોમાં લાગી નથી ગયા? રાષ્ટ્રપ્રેમને આપણે એક 'સીઝનેબલ' વૃત્તિ બનાવી દીધો છે અને સોશિયલ મિડીયા પર જાણે વિશ્વમાં આપણાં જેટલું કોઈ રાષ્ટ્રપ્રેમી જ નથી તેવી હવા ઉભી કરવામાં કસર નથી છોડી. નાના-મોટા કામમાં ભ્રષ્ટાચાર, લાંચ રૂશ્વત આપવી-લેવી કે આપણાં ઘર-દુકાનની આગળ-પાછળ કે આજુબાજુની સરકારી જગ્યા દબાવી લેવી, સામાન્ય જનજીવન ઠેબે ચઢી જાય તે રીતે અને સરકારી મિલ્કતોને નુકસાન કરીને આંદોલનો કરવા, ટેક્ષની ચોરી કરવાથી માંડીને પોતાના થોડાક નફા ખાતર ખાદ્યપદાર્થોમાં પણ ભેળસેળ કરવાની બાબતો તો જાણે આપણને કોઠે પડી ગઈ છે. જયાં સુધી આપણે આ રોજીંદી માનસિકતામાં પણ રાષ્ટ્ર પ્રત્યેની જવાબદારીને ગંભીરતાથી લેતા નહીં થઈએ પછી તે સ્વચ્છતા જાળવવાની બાબત હોય કે ટ્રાફિકના નિયમો પાળવાની વાત હોય પરંતુ ત્યાં સુધી આપણે માત્ર રાજકારણીઓના હાથનું રમકડું માત્ર જ બની રહેવાના, સાચા અર્થમાં 'પ્રજાસત્તાક' બનવાથી દૂર જ રહેવાના...!

- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@gmail.com

## ચિરવિદાય

**● મુકિતધામ ●**

- સ્વ. મનિષા હિંમતભાઈ કારીઆ, ઉ.વ. ૭૧, સેકટર-૨૭, ગાંધીનગર
- સ્વ. ગોકાજી ચંદુજી ઠાકોર, ઉ.વ. ૬૦, પેથાપુર, તા.જી. ગાંધીનગર
- સ્વ. ઠાકોર તમાસીભાઈ કુભાભાઈ, ઉ.વ. ૫૫, સે-૨૮, ચરેડી છાપરાં, ગાંધીનગર
- સ્વ. અલગોતર હીરાભાઈ વસરામભાઈ, ઉ.વ. ૮૫, સેકટર-૪, ગાંધીનગર
- સ્વ. પટેલ કાંતાબેન ખોડીદાસ, ઉ.વ. ૯૬, સે-૮, ગાંધીનગર
- સ્વ. પ્રજાપતિ ભરતભાઈ શંકરભાઈ, ઉ.વ. ૪૯, હેબતપુર, અમદાવાદ
- સ્વ. શાંતાબેન રમેશચંદ્ર વ્યાસ, ઉ.વ. ૯૪, સે-૨૪, ગાંધીનગર

**● રુદ્રભૂમિ અંતિમધામ ●**

- સ્વ. કંચનબેન મહેન્દ્રભાઈ શાહ, ઉ.વ. ૭૯, સેકટર-૧, ગાંધીનગર
- સ્વ. વાઘેલા વિક્રમસિંહ બલુજી, ઉ.વ. ૫૬, સરગાસણ, તા.જી. ગાંધીનગર
- સ્વ. ઠકકર ભગવાનભાઈ રૂપસીભાઈ, ઉ.વ. ૯૧, સરગાસણ, તા.જી. ગાંધીનગર